# ધી ભરૂચ ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેન્ક લી.

ભરૂચ સેફ ડીપોઝીટ ચેમ્બર ભરૂચ, જોગ                    તા.    /    /૨૦૨

મે. સાહેબ,

આથી હું / અમે ________________________________________.

________________________________________________.

________________________________________________.

રહેવાસી ________________ જે આપના સભાસદ નથી એ નીચે જણાવેલી શરતોએ આપની પાસેથી ખાનું નં. __________ કલાસ __________ એક વર્ષ / ____________ માટે આજની તારીખ__________થી રૂા. __________ ના વાર્ષિક / __________ ભાડાથી કિરાયે રાખ્યું છે અને જે તમોએ અમોને ભાડે આપવા કબુલ કર્યુ છે, ભાડું આજ આજ રોજ અગાઉથી આપ્યું છે અને તેની રસીદ તમારા પાસેથી મને / અમોને મળી છે.

આથી હું / અમો સદરહું ખાનાનું ભાડું ઉપર પ્રમાણે પહેલેથી ભાડું આપવાની અને નીચે જણાવેલી શરતે ભાડે રાખીએ છીએ, અને આ ભાડાનો કરાર નીચેની શરતો પ્રમાણે રદ ન થાય ત્યાં સુધી ચાલુ રહેશે.

લી.

આપનો વિશ્વાસુ

કરાર રદ કર્યા ની તા.__________.

બેંકના અમલદારની સહી __________

____________________.

____________________.

____________________.

____________________.

ભાડુત સભાસદ / બીન સભાસદની સહી

-: શરતો :-

(૧) આ યોજના બેન્કના સાધારણ સભાસદો માટે જ છે.

(૨) બેન્કના કામકાજના દિવસોએ દરરોજ બપોરે ૧૦ વાગ્યાથી સાંજના ૫-૦૦ વાગ્યા સુધી ચેમ્બર ઉઘાડી રહેશે રવિવારે તેમજ બેંકના રજાના દિવસોએ ચેમ્બર બંધ રહેશે.

(૩) કોઇપણ ખાનું ત્રણથી વધારે સભાસદોના નામ પર ભાડે રાખી શકાશે નહિ, તેમ ભાડુત પોતે અગર એકત્ર ભાડુતો પૈકી એક, બે અગર બધા, નકકી કરવામાં આવ્યું હોય, સદરહુ ખાનાનો વહીવટ કરી શકશે. એકત્ર ભાડુતો પૈકી કોઇ ગુજરી જાય તો તેઓ પૈકી જે એક અગર બે હયાત હોય તે, સદરહુ ખાનાનો વહીવટ કરી શકશે. ભાડુત જાતે અગર (બધાજ) એકત્ર ભાડુતો ખાનાનો વહીવટ કરી શકશે. જો એક જ નામ પર ખાનું હોય તો તેના અગર એકત્ર ભાડુતોના હયાત રહેલા છેલ્લા સભાસદના મરણ પછી તેનો કાયદેસર પ્રતિનિધિ એટલે (બેંકની ખાત્રી થાય એવી યોગ્ય હુકુમતવાળી કોર્ટે નીમેલા એકઝીકયુટર અગર એડમીનીસ્ટ્રેટરનો જ હક બેંક સ્વીકારશે જો ભાડુતે જાતે અગર એકત્ર ભાડુતો પૈકી જે છેલ્લો હયાત રહયો હોય તેણે તેના મરણ બાદ ખાનાના વહીવટ કરવા તથા અંદરની વસ્તુઓ લઇ જવા માટે કોઇ શખ્સની (નોમીની) તરીકે યોગ્ય રીતે નિમણંક કરી તે બાબતનો દાખલો બેંકના સેક

(૪) ખાનાનું ભાડું અગાઉથી લેવામાં આવશે. લ્હેણું ભાડુ મુદ્દતસર ચુકવવામાં ન આવે તો ખાનાનો વહીવટ અટકાવવા બેન્ક સત્તા રાખે છે.

(૫)(અ) ભાડાનો કરાર રદ કરવા માટે તેની મુદ્દત પુરી થવા અગાઉ એક અઠવાડિયા પહેલા કબજો આપી દેવા સંબંધી લેખીત નોટીસ બે માંથી એક પક્ષે આપવી જોઇશે, જે દિવસે મુદ્દત પુરી થાય તે દિવસે બાર વાગે કુંચી સહિત ખાનાનો કબજો બેંકના સેફ ડીપોઝીટ ખાતાને આપવો પડશે કરારની મુદ્દત પુરી થાય ત્યારથી ખાનું ચાવી સાથે બેંકને પાછું સોંપવામાં આવે ત્યાં સુધી ખાનું ભાડુતે ફરી ભાડે રાખ્યું ગણાશે. આ શરત આ નિયમો પ્રમાણેના બેંકના બીજા હકકોને આડે આવશે નહિં.

(બ) ભાડાના નાણાં આપવામાં આવે અગર ન માંગવામાં આવે તો પણ વખતસર ભાડું આપવામાં ભાડુત ચુક કરે તો અગર આ શરતો પૈકી કોઇપણ એકનું પાલન તે ન કરે તો બેંકના જે કાંઇ હકકો હોય તેને હરકત કર્યા વિના, ભાડુતના હકકો રદ (forfeit) થયા ગણાશે. આ કારણો, યોગ્ય નોટીસ આપ્યા પછી બેંક ખાનુ ઉઘાડી તેમાંથી ચીજો, બેંકનું લ્હેણુ નિયમ ૬ પ્રમાણે વસુલ કર્યા બાદ પોષ્ટ પાર્સલથી અગર બીજી યોગ્ય રીતે બેન્કના સેફ ડીપોઝીટ ખાતામાં ભાડુતના છેલ્લા સરનામે મોકલી શકશે. અગર બીજે ઠેકાણે અગર બીજા ખાનામાં મુકી શકશે. આ વખત માટે નકકી કરેલા ભાડાથી બેવડું ભાડુ ભાડૂતે બેંકને આપવું પડશે. (જે ઓછામાં ઓછા છ માસ અને તેના ગુણોત્તર વખત માટે ગણાશે).

(૬) ભાડૂત પાસે આ નિયમો પ્રમાણે જે રકમ લ્હેણી હોય તે માટે, ખાનામાં મુકેલી ચીજો પર બેંકના સેફ ડીપોઝીટ ખાતાનો બાજો રહેશે, અને તે ચીજો અગર તે પૈકી કાંઇ વેચી બેંકને બાકી રકમ વસુલ લેવા હકક છે.

(૭) જો ભાડુત ચાવી ગુમાવે તો બેંકના સેફ ડીપોઝીટ ખાતાને તે બાબતની ખબર તેને તરત આપવી જોઇશે. પણ આ કારણે થતી બેંકની કોઇપણ ભૂલ માટે બેંક જવાબદાર રહેશે નહિં. ખાનું ખોલવાનો ગુમાવેલી ચાવીને બદલે નવી કાઢવવાનો, તેમજ બદલાવવાનો ખર્ચ ભાડુતને ભોગવવો પડશે.

(૮) ખાનુ કળ અને ચાવી અંગે કંઇ કામ કરાવવાનું હશે તે બેંકે નીમેલા કારીગરો મારફતે જ કરાવવું પડશે.

(૯) ભાડુતે, ખાનું અગર તેમાંનો કોઇ ભાગ એસાઇન કરવો નહિં. અગર પેટા ભાડુતને આપવા નહિ તેમજ કીંમતી દાગીના ચીજો સિવાય બીજી વસ્તુઓ માટે ઉપયોગ કરવા નહિ, તેમજ તેમાં એકા-એક ફુટી અને સળગી ઉઠે એવો પદાર્થ અગર નુકશાન કરે તેવો માલ મુકવા માટે તેનો ઉપયોગ કરવો નહિં.

(૧૦) ભાડુતના બેંકના સેફ ડીપોઝીટ ખાતામાં નોંધાયેલા છેલ્લા સરનામે તેને મોકલેલી નોટીસ અગર ખબર તેને યોગ્ય રીતે પહોંચી છે તેમ ગણવામાં આવશે. સરનામાના ફેરફારની ખબર બેંકમાં સેફ ડીપોઝીટ ખાતાને આપવી જોઇએ.

(૧૧) સામાન્ય સંજોગો જેવા કે હુલ્લડ વી. માં કોઇપણ જાતની અગાઉથી ખબર આપ્યા વગર યોગ્ય લાગે તેટલો વખત સેફ ડીપોઝીટ ચેમ્બર બંધ રાખવા અગર તે ઉઘાડવાના અગર બંધ રાખવાના વખતમાં ફેરફાર કરવા બેંક હકક રાખે છે.

(૧૨) આ ખાના બાબત ખાનું ભાડે રાખનાર અને બેંકનો સંબંધ ભાડુત અને માલીક (Lessor) નો છે અને નહિ કે બેંકર અને કસ્ટમરનો, એમ ભાડુત કબુલ કરે છે.

(૧૩) આ નિયમોમાં જણાવ્યા સિવાય બીજી રીતે એક જગ્યાથી બીજી જગ્યાએ મીલ્કત મોકલવા માટેનું કામકાજ બેંક કરશે નહિં.

(અ)આ નિયમોમાં ગમે તે જણાવવામાં આવ્યું હોય તો પણ બિન સભાસદો ઉપર જણાવેલ તથા નીચેની વધુ શરતોનું પાલન કરેથી આ ચેમ્બરનો લાભ લેવા પરવાનગી આપી શકાય.

(૧) બેંક વખતોવખત ઠરાવ તે મુજબ સામાન્ય સભાસદો કરતાં વધારે દરનું ભાડું તેઓ આપશે.

(૨) નિયમ ૫-૭-૮ વિગેરેના જરૂરીયાત માટે તેઓ બેંક ઠરાવે તે રકમ અગાઉથી ડીપોઝીટ આપશે.

(૧૭) ગ્રાહકને યોગ્ય લાગે તો પોતાનું વધારાનું લોક મારી શકશે.

(૧૮) લોકરના સ્ટ્રોગ રૂમમાં ફક્ત ગ્રાહક તેમજ સહ ગ્રાહક જ બેંકના અધિકૃત અધિકારી સાથે પ્રવેશ કરી શકશે.

(૧૯) બેંક ભવિષ્યમાં લોકરનું વાર્ષિક ભાડુ / ડીપોઝીટ માં ફેરફાર કરશે તો લોકર ધારકને માન્ય રહેશે.

(૨૦) જો ગ્રાહક સતત ત્રણ વર્ષ સુધી બેંકે નકકી કરેલ ભાડુ ન ચૂકવે તો બેંકને યોગ્ય પ્રક્રિયાને અનુસરીને લોકર તોડવાનો હકક રહેશે. બેંક આવા લોકરની ફરી ફાળવણીમાં હાલના લોકર ગ્રાહકને સૂચિત કરવાનુ સુનિશ્ચિત કરશે અને તેમના દ્વારા મુકવામાં આવેલ વસ્તુઓ ને પરત લેવાની વ્યાજબી તક આપશે.

(૨૧) જો લોકર સાત વર્ષના સમય ગાળા માટે ગ્રાહક દ્વારા ઓપરેટ કરવામાં ન આવે તો ભલે ભાડુ નિયમિત ચૂકવવામાં આવતુ હોય આમ છતા બેંક / શાખા યોગ્ય પ્રક્રિયાને અનુસરીને તેમજ ગ્રાહકને સૂચિત કરીને બેંકને લોકર તોડવાનો હક રહેશે અને આવુ લોકર બેંક બીજા ગ્રાહકને ફરી ફાળવણીમાં આપી શકશે.

(૨૨) ગ્રાહક અસામાન્ય સંજોગોમાં લોકર ઓપરેટ કરવા માટે કુલ મુખત્યાર (પાવર ઓફ એર્ટની હોલ્ડર) ની નિમણુંક કરી શકશે. આવા સંજોગામાં જો ગ્રાહક વિદેશમાં હોય તો આવા કુલ મુખત્યાર નામાની નોંધણી કલેકટર કચેરીમાં કરેલ હોવી જોઇએ.

(૨૩) જો સરકારી અમલીકરણ એજન્સીઓ લોકર જપ્ત કરવા માટે કોર્ટ અથવા યોગ્ય સક્ષમ અધિકારીના આદેશ સાથે બેંક / શાખા નો સંપર્ક કરે અને લોકરનો ઉપયોગ કરવા માટે વિનંતી કરે તો તેમ કરવા માટે બેંકને સત્તા રહેશે.

(૨૪) જો બેંક / શાખાના સંબધિત અધિકારીને એમ લાગે કે લોકર ધારક કરારના નિયમો અને શરતોનું પાલન કરતા નથી કે તેમ કરવા માટે સહકાર આપતા નથી અને લોકર પાછુ લેવાની જરૂર છે તો સંબધિત કાનૂની અને કરારની જોગવાઇઓને ઘ્યાનમાં રાખીને તમામ સંભવિત પરીસ્થિતિઓ માટે લોકર તોડવા કે લોકર પાછુ લેવાની બેંકને સત્તા રહેશે.

(૨૫) આગ, ચોરી, લૂટ, મકાન તૂટી જવુ અથવા બેંકના કર્મચારીથી છેતરપીંડી દ્વારા પણ જો ગ્રાહકને લોકરની અંદર રહેલી વસ્તુ ગુમાવવી પડે છે તેવા સંજોગોમાં બેંકની જવાબદારી લોકરના પ્રવર્તમાન વાર્ષિક ભાડાના ૧૦૦ ગણા જેટલી જ મર્યાદિત રહેશે.

ભરૂચ

તા.

મેનેજર ગ્રાહકની સહી

## (એકત્ર ભાડુતોએ કરવાનો કરાર)

ધી ભરૂચ ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેન્ક લિ.
ભરૂચ સેફ ડીપોઝીટ ચેમ્બર, ભરૂચ, જોગ                    તા.__________૨૦૨

મે. સાહેબ,

જત લખવાનું કે ખાનું નં.                    જે અમોએ
નામે ભાડે રાખેલું છે. તેનો વહીવટ વિગેરે માટે અમારા પૈકી * (નામ લખો)

____________________________________________.

____________________________ને આ લખાણથી સત્તા આપીએ છીએ.

૨. વિશેષમાં જણાવવાનું કે મકજુર ખાતાનો વહીવટ અમો પૈકી કોઇ એક ગુજરી જાય તો જે હયાત હોય તેમાંથી કોઇ પણ કરી ખાનું ઉઘાડી શકશે.

લિ. આપનો વિશ્વાસુ

____________________.

____________________.

____________________.

____________________.